અપીલ અરજી નં.૩૭૭,૩૮૧, તા.૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૭૭ તા.૩–૨–૦૯ ની અરજીથી કતારગામ દરવાજા પાસે ગણપતિ પ્લાઝાની બાજુમાં બાકર સાહેબનું કબ્રસ્તાન વોર્ડ નં.૭/૭૩૫ સર્વે નંબર રાજકુમાર બેકરીની બાજુમાં ,અપીલ નં.૩૮૧ તા.૩–૨–૦૯ ની અરજીથી સૈયદપુરા વારસી ટેકરો સિલવર ફેબ્રીકશનની બાજુમાં ૭/૭૨૮ વાળી જગ્યા પરચાલતાં નવા બાંધકામનો સર્વે નંબર, હેતુ, બિલ્ટઅપ એરિયા, પાર્કીંગ, માર્જીન અને એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી? પ્લાન પાસ કોના નામે થયેલ છે અને કયા અધિકારીએ કરેલ છે તથા ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૭,૩૮૧,/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની અપીલ નં.૩૭૭ તા.૩–૨–૦૯ નીઅરજીથી કતારગામ દરવાજા પાસે ગણપતિ પ્લાઝાની બાજુમાં બાકર સાહેબનું કબ્રસ્તાન વોર્ડ નં.૭/૭૩૫ સર્વે નંબર રાજકુમાર બેકરીની બાજુમાં ,અપીલ નં.૩૮૧ તા.૩–૨–૦૯ ની અરજીથી સૈયદપુરા વારસી ટેકરો સિલવર ફેબ્રીકશનની બાજુમાં ૭/૭૨૮ વાળી જગ્યા પર ચાલતાં નવા બાંધકામનો સર્વે નંબર, હેતુ, બિલ્ટઅપ એરિયા, પાર્કીંગ, માર્જીન અને એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી? પ્લાન પાસ કોના નામે થયેલ છે અને કયા અધિકારીએ કરેલ છે તથા ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગેરેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ ૧૪૮૪ ૧૪૮૩,તા.૨–૩–૦૯ થી આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની બે અલગ અરજી અને અપીલ હેઠળ બાજુની કે સામેની મિલ્કતની માહિતી માંગેલ છે. તથા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ઈન્કાર માટે સરખું કારણ જણાવેલ હોય અપીલ તબકકે બે અરજીઓનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૨, તા.૧૨–૩–૦૯ તથા ૧૧૯૮, તા.૯–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોન ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ કક્ષાએથી અત્રેના વિભાગને આજ દિન સુધી પૂરક વિગતો મળેલ નથી. તે જ રીતે અપીલ પશ્ચાત અરજદારને અનુક્રમે તા.૧૨–૩–૦૯ તથા ૯–૩–૦૯ ના પત્રથી તેમની અપીલમાં કરેલ " ખોટી માહિતી અને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરેલ છે અને બાંધકામ ચાલુ છે " આક્ષેપ બાબતે તથા તેમની પાસે ખોટા અને સીડી કેસેટ ઉતારેલ અંગે દાવાના સમર્થનમાં આધાર પુરાવા કે વાજબીપણું રજુ કરવા જણાવવામાં આવેલ પરંતુ એવી કોઈ વિગતો અરજદારે પણ રજુ કરેલ નથી.પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ./૧૪૮૪,૧૪ ૮૩ તા.૨–૩–૦૯ ની નકલ રજુ કરેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા ૭/૭૨૮ તથા ૭/૭૩૫ વાળી મિલ્કત પર કોઈનું નવું બાં ધકામ ચાલતું હોવાની વિગત રેકર્ડ પર નથી તેની માહિતી તથા મિલ્કત વાળી જગ્યા પર હાલમાં કોઈ નવું બાંધકામ ચાલતું હોવાની કોઈ વિગત અત્રેના રેકર્ડ પર નથી. એમ જણાવેલ. જે પૈકી ૭/૨૭૮ વાળી મિલ્કત અંગે જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી આપ્યાનું જણાય છે. પરં તુ ૭/૭૩૫ માં અરજદારે બાજુની મિલ્કત અંગે માહિતી માંગેલ છે. જે સમાયેલ જણાતી નથી.

અરજાદારની તા.૩–૨–૦૯ ની બે અરજીઓથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અને અરજદારને સદર મિલ્કતમાં હાલમાં કોઈ નવું બાંધકામ ચાલતું હોવાની વિગતો અત્રેના રેકર્ડ પર નથી તેવો પ્રત્યુત્તર પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૮૪,૧૪૮૩ તા.૨–૩–૦૯ થી પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે બાંધકામ ચાલુ અંગે પોતાની પાસે ફોટો અને વિડીયો ઉતારેલ હોવાનું જણાવી ખોટી માહિતી અને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરેલ છે " તેવી રજુઆત કરેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૪(સી) અને (ડી) લોકોને અસરકર્તા નિર્ણયો જાહેર કરતી વખતે જાહેર સત્તા મંડળે સબંધિત તમામ હકીકતો પ્રસિધ્ધ કરવાની રહે છે. વહીવટી તથા અર્ધ અદાલતી નિર્ણયો માટે કારણો આપવી જોઈશે તેવી જોગવાઈ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજી કે અપીલના તબકકે તેના અમલી કરણની કોઈ વિગતો પુરી પાડેલ નથી કે માહિતીના ઈન્કાર માટે કલમ ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી. વધુમાં દેખરેખ અને નિયંત્રણ સત્તાની કક્ષાએ તેવી બાબતોની દફતર નિભાવણી કરવાની રહે છે. કાયદાની કલમ–૨૫ હેઠળ તેનું હાર્દ અને જોગવાઈના અમલીકરણ પરત્વે પણ ભાર મુકાયેલ છે. તે ધ્યાને લેતાં ઉપલબ્ધ દફતર પરથી માંગેલ માહિતી આપી શકાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજાદારની તા.૩–૨–૦૯ ની બે અરજીઓ અંગે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી. અપીલ નં.૩૮૧ માં નિર્દિષ્ટ ૭/૭૨૮ વાળી મિલ્કત જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ માહિતી પુરી પાડેલ હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામાં આવે છે. જયારે અપીલ નં.૩૭૭ માં નિર્દિષ્ટ ૭/૭૩૫ વાળી મિલ્કત અંગે કલમ–૪(૧) (સી) અને (ડી) ની જોગવાઈને અનુસરી નિર્દિષ્ટ વિસ્તારના બાંધકામ મંજુરી તથા નિયંત્રણને લગતાં દફતર નિભાવણીની વિગતો પરથી જરૂર જણાયે અરજદારને ઈન્સ્પેકશન પુરું પાડી અરજદારની મુળ અરજીઓના પરિપ્રેક્ષ્યમાં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં માહિતી પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નારટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ